### વડોદરા જિલ્લામાં નજીકના ભૂતકાળમાં થયેલી

# શિક્ષકોની ભરતી, એનઓસીની વિગતો આપવા ડીઈઓને આદેશ

05-05-2007- ગુજ. સમાચાર વડોદરા

(પ્રતિનિધિદ્વારા) વડોદરા, બુધવાર

વડોદરા શહેર અને જિલ્લાની તમામ ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પાછલાં વર્ષોમાં શિક્ષકોની ભરતી માટે અપાયેલી એનઓસી તથા હાથ ધરાયેલી ભરતી પ્રકિયાનો કોમ્પ્યુટરરાઈઝ્ડ રેકોર્ડ તૈયાર કરવા ડીઈઓ કચેરીને રાજ્યના માહિતી આયોગ દ્વારા આદેશ અપાયો છે. જો કે ડીઈઓ કચેરી આ આદેશના એક મહિના પછી પણ તેનું પાલન કરી શકી નથી.

## અરજદારને ૩૦૦ થી વધુ શાળાનો સંપર્ક સાધવા જણાવાયું હતું પણ માહિતી આયોગનો ડીઈઓ કચેરીને જ વિગતો આપવા આદેશ

ડીઈઓ કચેરીએ તેની પાસે કોઈ રેકોર્ડ નથી અને અરજદારે માહિતી જોઈતી હોય તો ૩૦૦ થી વધુ શાળાનો સંપર્ક સાધવો પડશે એવો જવાબ મુળ અરજી પર આપ્યો હતો. આ જવાબ સામે રાજ્યના માહિતી આયોગને અપીલ કરાતા આયોગે તાજેતરમાં ચુકાદો આપીને જણાવ્યું હતું કે આ માહિતી ડીઈઓ કચેરી પાસે હોવી જોઈએ. આ માહિતી કોમ્પ્યુટરાઈઝ પણ હોવી જોઈએ. માહિતી આયોગે આ માહિતી એક માસમાં તૈયાર કરીને પુરી પાડવા આદેશ આપ્યા છતાં તે માહિતી હજુ અરજદારને મળી નથી.

વડોદરામાં કેટલાંક વર્ષો પહેલા શાળાઓમાં જરૂર નહીં હોવા છતાં આડેધડ શિક્ષકોની ભરતી માટે એનઓસી અપાયાની શંકા છે. ઘણી શાળાઓમાં એનઓસી અપાયા પછી શિક્ષકોની ભરતી થઈ નથી. કેટલીક શાળાઓમાં શિક્ષકની જે વર્ગની મુળ જગ્યા હોય તેના કરતા અલગ ઉમેદવારની ભરતી કરવામાં આવી છે. શાળાઓમાં વર્કલોડની ગણતરી કર્યા વિના જ એનઓસી આપી દેવાઈ હતી. ઘણી શાળાઓ એવી પણ છે જ્યાં મેદાન જ નથી. વ્યાયામના વર્ગો ચાલી શકે તેમ નથી ત્યાં વ્યાયામ શિક્ષકની ભરતી કરી દેવામાં આવી હોવાનું કહેવાય છે.

આ સંદર્ભમાં વડોદરાના વિપુલ પટેલે ગયા વર્ષના મે માસમાં ડીઈઓ કચેરીને અરજી કરી એનઓસી તથા ભરતીની વિગતોની માગણી કરી હતી.

તેમને નિયત સમયમર્યાદામાં જવાબ ના મળતાં અપીલ કરી ત્યારે જવાબ મળ્યો કે તેમને મુળ અરજીનો જવાબ અગાઉ એક પત્ર દ્વારા મોકલી દેવાયો છે. આ પત્રની નકલ તેમને જુલાઈ માસમાં મળી હતી. તેમાં જણાવાયું હતું કે ભરતીની વિગતો કચેરી પાસે નથી. તે માટે તેમણે ૩૦૦થી વધુ શાળાઓનો જાતે સંપર્ક કરવો પડશે. વ્યાયામ શિક્ષક અંગેના પ્રશ્નના જવાબમાં તેમને માત્ર એટલું જ જણાવાયું હતું કે ગુજરાત માધ્યમિક શિક્ષક અધિનિયમ-૧૯૭૯ની કલમ ૩૫ મુજબ ભરતી થાય છે.

અરજદારે નવેમ્બર-૨૦૦૬માં રાજ્યના માહિતી આયોગને ફરિયાદ કરી હતી. માહિતી આયોગે ડીઈઓ કચેરી પાસે આ તમામ માહિતી હોવી જ જોઈએ અને ડીઈઓ કચેરી તરફથી જ આ વિગતો અરજદારને મળવી જોઈએ એવો આદેશ આપ્યો હતો. આયોગે આ માહિતી કોમ્પ્યુટરાઈઝ્ડ જ હોવી જોઈએ એમ પણ આયોગે જણાવ્યું હતું. આયોગે તા.૨૮મી માર્ચ સુધીમાં આ વિગતો તૈયાર કરી અરજદારને મોકલી આપવા હુકમ કર્યો હતો. પણ અરજદારને આ માહિતી ડીઈઓ કચેરીએ હજુ આપી નથી.

05-05-2007- ગુજ. સમાચાર - વડોદરા

હસ્તકલા મેળો ૨૦૦૭
હોસ્ટેલ ગ્રાઉન્ડ, પાંચબત્તી, ભરૂચ.